


# પાટનગરને પ્લાસ્ટીક મુકત કરવા પુનઃ ઝુંબેશ

## કમિશનરની કડક સુચનાથી પ્રથમ દિવસે ૩૯ કિલો પ્લાસ્ટીક જપ્ત કર્યુ : વેપારીઓમાં ફફડાટ : ચાની કિટલીઓ પરથી પ્લાસ્ટીકના કપનો જથ્થો પણ જપ્ત કરાયો

ગાંધીનગર, તા.૨૦

પાટનગરમાં ત્રણેક વર્ષ પહેલા પ્લાસ્ટીક બેગ હટાવવા જબરદસ્ત કામગીરી થઈ હતી. કેટલાક કારણોસર ત્રણ વર્ષથી આ કામગીરી પર ફુલ સ્ટોપ આવી ગયો હતો. હવે મનપા કમિશનરે આ પ્લાસ્ટીકથી થતા નુકશાનોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી પાટનગરને પ્લાસ્ટીક ફ્રી બનાવવા પુનઃ ઝુંબેશ શરૂ કરાવી દીધી છે. મનપામાં આઠ વોર્ડને બે ભાગમાં વહેંચી તેની જવાબદારી બે અલગ અલગ અધિકારીઓને સોંપી દીધી છે. આજે પ્રથમ દિવસે સે-૧૯, ૨૦, ૨૧ અને સે-૩૦માં ટીમે દરોડા પાડીને ૩૯ કિલો પ્લાસટીક બેગ અને ૮૦૦ ગ્રામ ચાના પ્લાસ્ટીકના કપનો જથ્થો જપ્ત કરી સપાટો બોલવતા વેપારીઓમાં પુનઃ ફફડાટ મચી જવા પામ્યો છે.

મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૧થી ૪માં ફાયર ઓફીસર મહેશ મોડ અને વોર્ડ નં. ૫ થી ૮માં એસ.એમ. ચૌધરીને પ્રતિબંધીત પ્લાસ્ટીક બેગ હટાવો ઝુંબેશ ચલાવવા વિશેષ જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે આજે ઝુંબેશના પ્રથમ દિવસે મહેશ મોડ તથા તેમની ટીમે સે-૧૯,૨૦, ૨૧અને સે-૩૦ના શોપીંગ સેન્ટર્સ તથા શાકમાર્કેટમાં સપાટો બોલાવ્યો હતો. શાકમાર્કેટ, મટન શોપ, શોપીંગ સેન્ટરની વિવિધ દુકાનોમાં દરોડા પાડીને ૩૯ કિલો પ્લાસ્ટીક બેગ તથા ૮૦૦ ગ્રામ પ્લાસ્ટીકના ચાના કપનો જથ્થો પકડી જપ્ત કરવામાં આવ્યો છે. તે ઉપરાંત જો પ્લાસ્ટીકના રસાયણો પેટમાં જાય તો કેન્સર થવા સુધીના ભયસ્થાનો છે તેવી ચા પાર્સલ કરવા વપરાતી પ્લાસ્ટીકની કોથળીઓનો જથ્થો પણ જપ્ત કરી આ પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગનો ઉપયોગ હવેથી ન કરવા વેપારીઓને કડક સુચનાઓ આપી દેવામાં આવી છે. આ ઝુંબેશ હવે દરરોજ ચલાવવામાં આવશે તેમ તંત્ર દ્વારા જણાવવામાં આવ્યુ છે.






## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૧ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૧ કલાકનો રહેશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે 'નો એકઝીટ' નાટક, સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

● આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે સવારે ૬.૦૦ કલાકે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન, ઘ-૪ ખાતે યોગનો કાર્યક્રમ યોજાશે.

● સે-૧૯, જીમખાના ખાતે સવારે ૬ થી ૭.૧૫ કલાક દરમિયાન યોગ શિબિર યોજાશે.

● સે-૨૦, ચિલ્ડ્રન્સ યુનિ. ખાતે સવારે ૬.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન યોગનો કાર્યક્રમ યોજાશે.

● સંગિની ફોરમ ગાંધીનગર દ્વારા સાંજે પથી ૬ કલાક દરમિયાન યોગ શિક્ષક દર્શનાબેન પંડયા દ્વારા પુનિતવન ખાતે યોગ શિબિર યોજાશે.

● ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી તથા નિસર્ગ સાયન્સ સેન્ટર અને હેપ્પી યુથ કલબના સહયોગથી સરગાસણ ચાર રસ્તા પાસે શુકલ વિલાસ ફલેટના બગીચામાં સવારે ૬.૦૦ કલાકે આર્ટ ઓફ લીવીંગનો યોગ-પ્રાણાયામનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધીનગર ચિલોડા રોડ પર એરફોર્સના વાયુશકિત નગર ખાતેના ગોલ્ફ કોર્સના મેદાનમાં સવારે ૭ કલાકે યોગનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨ના બગીચામાં ભારતીય યોગ સંસ્થાન દ્વારા સવારે ૬ થી ૭ કલાક દરમિયાન યોગનો કાર્યક્રમ યોજાશે.

● સે-૧૨ મેડીકલ કોલેજના પ્રાંગણમાં સવારે ૬.૪૫ થી ૭.૩૦ કલાક દરમિયાન યોગ શિબિર યોજાશે.

● સે-પના બગીચામાં સવારે ૬.૦૦ કલાકે યોગ શિબિર યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે માણસા કલોલ હાઈવે પર આવેલ નિલકંઠ સોસાયટી ખાતે સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

## વાતવાતમાં

● દિવસ દરમિયાન શહેરમાં વાદળછાયુ વાતાવરણ રહેતા નગરજનોને અસહ્ય બફારાનો તથા ઉકળાટનો સામનો કરવો પડયો હતો. વધુ એક વખત નગરજનોની વરસાદની આશા પર પાણી ફરી વળ્યું હતું.

● શહેરના એક રહીશને અજાણ્યા નંબરથી કોલ આવ્યો અને તેનું બેંક ખાતુ લોક થઈ ગયું હોવાનું કહી તેનો એટીએમ કાર્ડનો નંબર તથા પીન નંબર માંગવામાં આવ્યો હતો. આ પ્રકારના કોલ ફ્રોડ હોવાનું જાણતા નગરજને કોલરને લાંબા સમય સુધી વિવિધ વાતે વળગાડી અંતે પોતે એટીએમ કાર્ડ ધરાવતો નથી તેવો ખુલાસો કરતા ભોંઠા પડી ગુસ્સે થયેલા કોલર સાથે શાબ્દિક ચકમક ઝરી હતી.

● વિશ્વ યોગ દિવસની ઉજવણી માટે સમગ્ર ગાંધીનગર શહેર અનેરા આનંદ ઉત્સાહથી તૈયારીઓ કરી રહ્યું છે. શહેરમાં શાળા કોલેજો ઉપરાંત વિવિધ રહેણાંક સોસાયટીઓમાં પણ નાની મોટી યોગ શિબિરોનુ આયોજન કરવામાં આવ્યું છે.

● વિવિધ સ્વૈચ્છિક તથા શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા યોગ દિવસની ઉજવણીના આયોજનના પગલે સોશ્યલ મિડિયા પર આમંત્રણની ભરમાર જોવા મળી હતી. આ સાથે સંસ્થાઓ દ્વારા તેમના બેનર અને હોર્ડિંગ્સ બનાવડાવવા પણ છેલ્લી ઘડીએ દોડાદોડ કરવામાં આવતા ફલેકસ બેનર પ્રિન્ટીંગ વાળાઓને ત્યાં તડાકો પડી જવા પામ્યો હતો.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૭ સ્થિત જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે શુક્રવારે શાળા પ્રવેશોત્સવની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ધોરણ-૯માં પ્રવેશ મેળવેલ બાળાઓને સરકારશ્રીની યોજનાનુસાર પાઠય પુસ્તકોની કીટ અને સાયકલ વિતરણ કરાઈ હતી તે સાથે શાળાના વાર્ષિક અંક 'જયોત ૨૦૧૬' વિમોચન, દેશભકિત ગીત, પ્રાણાયામ, યોગ, સ્વચ્છતા અને સ્વાસ્થ્ય અંગેના અમૃત વચનોનું વકતવ્ય સહિતના વિવિધ કાર્યક્રમો રજૂ કરાયા હતા અને વૃક્ષારોપણ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહેમાન તરીકે આઈ.એ.એસ. કમિશનર ઓફ ટેક. એજયુ. બોર્ડના માંકડ સાહેબ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર બારૈયા સાહેબ, વી.એસ. પુરાણી તેમજ અખિલ આંજણા કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ હરિભાઈ ચૌધરી, મંત્રી માધુભાઈ ચૌધરી, જે.એમ. ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી શંકરભાઈ વાઘેલા તથા શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરીએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



પેથાપુર સ્વામિનારાયણ મંદિરમાં અખાત્રીજથી પૂનમ સુધી સંપૂર્ણ માસ દરમિયાન ઠાકોરજીને ચંદન તથા ફુલોના સુંદર વાઘાથી સજાવવામાં આવ્યા હતા. સ્વામિનારાયણ મંદિરના મહંત પૂ. ગુરૂ સ્વામીના માર્ગદર્શન હેઠળ આ નયનરમ્ય સજાવટ આકાર પામી હતી. તેમણે શ્રધ્ધાળુઓને આ પ્રસંગે આશીર્વાદ પાઠવ્યા હતા.

## પોલીસ હવે રીકવર્ડ કરેલા વાહનોની ટેમ્પરરી કસ્ટડી આપશે

### કોર્ટમાંથી પર્મેનેન્ટ કસ્ટડી મેળવવા કયારેક વાહન માલિકને ઘણો લાંબો સમય નીકળી જતો હોવાથી વાહનની હાલત પણ બગડી જતી હોય છે

ગાંધીનગર, તા.૨૦

જિલ્લામાંથી ચોરી થયેલા વાહનો કયારેય અન્ય સ્થળેથી મળી આવે કે ચોર પકડાય ત્યારે તે ચોરાયેલું વાહન રીકવર કરવામાં આવે ત્યારે તે વાહન પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવે છે જયાં સુધી કોર્ટમાંથી પર્મેનેન્ટ કસ્ટડીનો ઓર્ડર લઈને વાહનમાલિક ન આવે ત્યાં સુધી તેને તેનું પોતાનું વાહન મળી શકતું નથી. જેના કારણે વાહન પણ બગડે છે અને માલિક તેનો ઉપયોગ પણ કરી શકતો નથી.

આ બાબતને ધ્યાને લઈને ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે મહ્ત્વનો નિર્ણય લીધો છે. પોલીસને મળેલી સત્તા મુજબ હવે આવા રીકવર્ડ વાહનોની વાહનમાલિકો પાસેથી જરૂરી પુરાવાઓ તથા બાંહેધરી મેળવી ટેમ્પરરી કસ્ટડી આપવા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને એસ.પી.એ. સુચના આપી દીધી છે. હવે વાહનરીકવર થયા બાદ પોલીસને પોતાના વાહનના પુરાવાઓ તથા કેટલાક બાંહેધરીને લગતા કાગળ કરીને વાહનચાલકો વાહનની ટેમ્પરરી કસ્ટડી મેળવી શકશે. કોર્ટની પર્મેનેન્ટ કસ્ટડીનો ઓર્ડર મેળવતા કયારેક વર્ષો વિતી ગયાના પણ દાખલા છે જેને પગલે વાહનને પોલીસ સ્ટેશનથી નીકાળ્યા બાદ કદાચ ભંગારના ભાવે વેચી દેવું પડે તેવી સ્થિતિ થઈ જતી હોય છે. હવે એસ.પી.એ લીધેલા આ નિર્ણયથી વાહનમાલિકોને સરળતા થઈ જશે તેમાં બે મત નથી.

## પેથાપુરમાં ફી વધારા સામે આંદોલન

ગાંધીનગર, તા.૨૦

પેથાપુરની શેઠ મ.ભ. હાઈસ્કૂલમાં વારંવાર કરાતા ફી વધારા સામે અને કથળતા શૈક્ષણિક ધોરણ સામે લડત આપવા સ્વામી વિવેકાનંદ વાલીમંડળ દ્વારા તા. ૨૧મી જૂનથી હાઈસ્કૂલમાં હડતાલનું એલાન આપવામાં આવ્યું છે.

સંઘર્ષ સમિતિના કન્વીનર શ્રી અસરસિંહ વાઘેલાએ જણાવ્યું છે કે ધો-૯/૧૦ના ગ્રાન્ટેડ વર્ગોમાં લેવાતી અસહ્ય ફી પરત કરવા જિ. શિક્ષણાધિકારી દ્વારા એક વર્ષ અગાઉ હુકમ કરેલ છે છતાં ટ્રસ્ટી મંડળને તેની કોઈ પરવા નથી. તેથી ગ્રામજનોમાં ઉગ્ર રોષની લાગણી વ્યાપી છે. વિદ્યાર્થીઓને થતા અન્યાય સામે વાલીમંડળ જરૂર પડે ઉગ્ર લડત આપશે. અને કોર્ટ કાર્યવાહી કરતાં પણ અચકાશે નહિ. વાલી મંડળના પ્રમુખ વિનુસિંહ વાઘેલાએ હડતાલને સફળ બનાવવા સર્વે વાલીને અનુરોધ કર્યો છે અને ટ્રસ્ટી મંડળને ન્યાયપૂર્વક વર્તવા અપીલ કરી છે.

## ખોરજ કેનાલમાંથી આધેડનો બિનવારસી મૃતદેહ મળ્યો

### આધેડના શરીરે માત્ર ધોતી પહેરેલી હોવાથી ડુબી ગયો હોવાની આશંકા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા ખોરજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં આશરે ૫૦ વર્ષીય આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને ઘટનાની જાણ થતા ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તેની ઓળખ માટે તથા મૃત્યુનું કારણ બહાર લાવવા પોલીસે તજવીજ શરૂ કરી છે.

ઝુંડાલ-ખોરજ નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં અજાણ્યા આધેડનો તરતો મૃતદેહ દેખાતા રાહદારીએ આ સંદર્ભે અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. અડાલજ પોલીસ મથકના જમાદાર મુળજીભાઈ તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. સિકયુરીટી ગાર્ડની મદદથી મૃતદેહ કેનાલના પાણીમાંથી બહાર કઢાવી પોલીસે તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી હતી. આશરે ૫૦ વર્ષના આધેડના શરીરે માત્ર ધોતી પહેરેલી હતી તેમની ઓળખ થાય તેવા કોઈ પુરાવા તેમની પાસેથી મળી આવ્યા ન હતા. પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે અને મૃત્યુનું કારણ બહાર લાવવા તથા તેમની ઓળખ માટે અને મૃતકના વાલીવારસ સુધી પહોંચવા અડાલજ પોલીસે દોડધામ શરૂ કરી છે. જો કે મોડી સાંજ સુધી ઓળખ થઈ શકી ન હતી.

## સિસિકા દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા.૨૦

સિનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના તેજસ્વી તારલાઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. માર્ચ-૨૦૧૬માં ધો-૧૦ તથા ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની જાહેર પરીક્ષામાં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા સંસ્થાના સભ્યોના પૌત્ર-પૌત્રી, દોહિત્ર-દોહિત્રીને સન્માન કરવાના કાર્યક્રમનું જુલાઈ માસની માસિકસભા વખતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુકોએ માર્કશીટની નકલ તેમજ અગત્યની માહિતી કાર્યાલય ખાતે આગામી તા.૩૦મી જૂન સુધીમાં પહોંચાડવા સિસિકાના મંત્રી જે.એલ. શાહે અનુરોધ કર્યો છે.

## આરાધના વિદ્યાવિહાર ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી

આરાધના વિદ્યાવિહાર, સેકટર-૨૮ ખાતે શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ ધો-૯માં ૨૩૫ વિદ્યાર્થીઓને પુસ્તક સેટ અર્પણ કરી શાળામાં પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ગૌરવ ગાન, સ્વાગત ગીત, યોગ નિદર્શન તથા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. શાળા પરીવાર તરફથી ધો-૧૦ બોર્ડની પરીક્ષામાં શાળામાં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. સરકારશ્રીની સહાય યોજના હેઠળ મળવાપાત્ર વિદ્યાર્થીનીઓને મુખ્ય મહેમાનશ્રીના હસ્તે સાયકલ વિતરણ કરવામાં આવી હતી. તથા તેઓશ્રીએ વિદ્યાર્થીઓને હળવી શૈલીમાં ગીત ગાઈ શિક્ષણ માટે પ્રેરક વકતવ્ય આપી પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લા અધિકારી શ્રી ધનંજયભાઈ રાણે સાહેબે ધો-૯માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસી પ્રશ્નોત્તરી કરી મૂલ્યાંકન કર્યું હતું. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જયારે આભારવિધિ આચાર્ય શ્રી વી.ડી. પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની ગોહિલ કોમલ અને વિદ્યાર્થી રાહુલ યાદવે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના તમામ શિક્ષકશ્રીઓએ તથા વહીવટી સ્ટાફે સહયોગ આપ્યો હતો.

## લુંટના ડીટેકશન વિશે પુછી લેતા વાહનચાલકે બેવાર દંડ ભરવો પડયો..!

### વાહનચાલકે પોલીસ સમક્ષ ડીટેકશન અંગે પ્રશ્ન પુછી લીધો : સાહેબ અકળાઈ જતા સટાસટ બે મેમો ફાડીને આપી દીધા : વાહનચાલકે કલેકટર સમક્ષ રજુઆત કરી

ગાંધીનગર, તા.૨૦

વાત જાણે એવી બની કે ત્રણેક દિવસ અગાઉ પથિકાશ્રમ સર્કલ પાસેથી હેલ્મેટ વગર એક યુવાન નીકળ્યો અને પોલીસે તેને પકડી મેમો આપી દીધો. વાહનચાલકે સહજતાથી પુછી લીધું કે સાહેબ, જે રીતે હેલ્મેટ વગર ફરતા ચાલકોને પકડી પાડો છો તે રીતે લુંટના આરોપીઓ કેમ પકડતા નથી..? બસ, સાહેબ અકળાઈ ગયા અને તેને બીજો મેમો ફાડીને આપી દીધો..! પાંચ મિનિટના અંતરે એક જ સ્થળના એક જ ગુનાના (હેલ્મેટ વગરના) બે મેમો આપી દીધાના પુરાવાની કોપી સાથે યુવાને જિલ્લા કલેકટરને રજુઆત કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૬ ખાતે રહેતો એક યુવાન પોતાનું બાઈક લઈને ત્રણેક દિવસ પહેલા હેલ્મેટ પહેર્યા વગર ઘ માર્ગ પરથી નીકળ્યો હતો. ઘ-૩ સર્કલ પાસે ઉભેલી પોલીસે તે યુવાનને પકડીને હેલ્મેટ ન પહેરવા બદલ રૂ.૧૦૦ના દંડની પાવતી પકડાવી દીધી હતી. યુવાને બાજુમાં ઉભેલા એક પોલીસ અધિકારીને પુછી લીધું કે અગાઉ જે લુંટના ગુનાઓ બન્યા હતા તેમાંથી એકેય ગુના ડીટેકટ થયા? કહેવાનો મર્મ એવો હતો કે હેલ્મેટ વગર ફરતા વાહનચાલકો દેખાય છે તો ગુનેગારો કેમ દેખાતા નથી? આ સાંભળીને પોલીસ અધિકારી અકળાઈ ગયા અને જમાદારને આદેશ કર્યો કે આ ભાઈને બીજો મેમો આપી દો..! સાહેબના કહેવાથી બીજો મેમો પણ આપી દેવામાં આવ્યો. એક જ સ્થળના એક જ ગુનાના પાંચ મિનિટના અંતરે બબ્બે મેમો લઈ વાહનચાલક યુવાને જિલ્લા કલેકટરને આ મામલે ફરિયાદ કરી છે.



પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેકટ અંતર્ગત નાગરિકો માટે અશ્વ સવારીની તાલીમ મહિલાઓ માટે રાયફલ શુટીંગ તથા સ્વ બચાવની તાલીમ ઉપરાંત શાળા કોલેજના વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત જેવા કાર્યક્રમો તાજેતરમાં કરવામાં આવેલ હતાં. આજ પ્રકારનું એક નવતર આયોજન પોલીસ અધિક્ષક ગાંધીનગર તથા એસ.આર.પી. ગૃપ ૧૨ના સંયુકત ઉપક્રમે નાગરીકોના મનોરંજન માટે જાહેર સ્થળોએ રાષ્ટ્ર ભકિતના ગીતો અને જાણીતા ગીતોની સુરાવલી પોલીસ બેન્ડ દ્વારા વગાડવામાં આવનાર છે. તાજેતરમાં સેન્ટ્રલ વિસ્ટા તથા ઈન્ફોસીટી ખાતે આવો કાર્યક્રમ યોજવામાં આવેલ. આવો જ કાર્યક્રમ આજે એટલે કે તા. ૨૧-૬-૨૦૧૬ના રોજ સાંજના ૬.૩૦ કલાકે સે-૨૧ શોપીંગ ખાતે રાખવામાં આવેલ છે. જેનો લાભ લેવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

## બીસીએ કોલેજમાં ઓરેકલ એપ્લિકેશન એકસપ્રેસ પર સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા.૨૦

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા સેમેસ્ટર-પના વિદ્યાર્થીઓ માટે આજે 'રેપિડ એપ્લિકેશન ડેવલોપમેન્ટ ટૂલ : ઓરેકલ એપ્લીકેશન' પર સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં વિષય તજજ્ઞ તરીકે પ્રો. દિગ્વિજયસિંહ વિરપુરાએ સેવાઓ આપી હતી.

આવા સેમિનાર અને વર્કશોપના આયોજનનો મુખ્ય હેતુ, વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રી સંબંધી જે કોઈ નવા સંશોધનો થયા હોય અને તેને અભ્યાસક્રમમાં દાખલ ન કરી શકાયા હોય તેવી બાબતોની જાણકારી આપવાનો હોય છે. કોલેજ દ્વારા સમયાંતરે ચાલતા સેમિનાર અને વર્કશોપની વિસ્તૃત માહિતી આપતા ડાયરેકટર ડૉ. સંજય શાહે જણાવ્યું હતું કે આગામી સમયમાં જયારે ઈ કોમર્સ ક્ષેત્રે લોકોની પસંદગી અને ખરીદ શકિત વધી રહી છે ત્યારે ઓનલાઈન શોપિંગના નેજા હેઠળ ચાલતી અગણિત વેબસાઈટ તથા મોબાઈલ એપ્સમાં સચવાતા કરોડો ડેટાને સંગ્રહ કરવા અને સંચાલિત કરવા બિગ ડેટા અને ડેટા ટ્રાન્ઝેકશન તરફ વિદ્યાર્થીઓને વધુ માહિતી મળી રહે તે માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વિષય તજજ્ઞએ ઓરેકલ દ્વારા ચલાવવામાં આવતા ઈન્ટરનેશનલ કોર્સ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

આજે વિશ્વમાં બિગડેટા, ડેટા એનાલિસિસ, બીઝનેસ એનાલિટીકસ જેવા ક્ષેત્રોમાં કમ્પ્યુટરના વિદ્યાર્થીઓ માટે રહેલી વિસ્તૃત તક પર પ્રકાશ પાડતા અલગ અલગ પ્રકારના ડેટાબેઝ જેવા કે એસકયુએલ, માયએસકયુએલ, ઓરેકલ અને અત્યંત પ્રચલિત એવા કલાઉડ કામ્યુટિંગ તથા મોબાઈલ એપ્લિકેશન સાથે ડેટા બેઝનું મહત્વ સમજાવ્યું હતું. આ સમગ્ર સેમિનારમાં સેમેસ્ટર-પના ૬૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમણે આ ક્ષેત્રમાં મુંઝવતા પ્રશ્નોનું સમાધાન પણ મેળવ્યું હતું. સેમિનારનું આયોજન પ્રો. મોનિકા પટેલ અને પ્રો. પ્રિયંકા શાહ દ્વારા ડાયરેકટર ડૉ. સંજય શાહના માર્ગદર્શન હેઠળ થયું હતું.

## ડાક અદાલતના સમયમાં ફેરફાર કરવા રજૂઆત

પોસ્ટ વિભાગમાં થતી કામગીરી અંગે સૂચનો મેળવવા માટે ડાક અદાલતનું આયોજન કરવામાં આવે છે. આગામી તા. ૨૭ જૂનના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાળાની કાળઝાળ ગરમીના કારણે ડાક અદાલતના સમયમાં ફેરફાર કરવા રજૂઆત કરાઈ છે.

સેકટર-૨૨ના રહેવાસી હર્ષદકુમાર ગાંધીએ રજૂઆતમાં જણાવ્યું છે કે ડાક અદાલતમાં મોટા ભાગે સીનીયર સીટીઝનો પ્રશ્નોની રજૂઆત કરે છે. આ ઋતુમાં સવારે ૧૧.૩૦ કલાકે તાપમાનમાં વધુ ગરમી અનુભવાતી હોવાથી તેઓ ડાક અદાલતમાં હાજર રહી શકતા નથી જેથી આ સંજોગોમાં ડાક અદાલતનો સમય સાંજના ૫.૦૦ કલાકનો રાખવામાં આવે તો ઢળતી સાંજના કારણે મહત્તમ સૂચનકારો તેમાં ભાગ લઈ શકે અને પોસ્ટવિભાગની કામગીરી વધુ સુદૃઢ બની શકે.

## ચિરવિદાય

- સ્વ. પિયુશાબેન ખેંગારભાઈ વાઘેલા, ઉ.વ.૩૪